# કવિ અશોક ચાવડાને દિલ્હી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર

• સિટી રિપોર્ટર અમદાવાદ

સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા દર વર્ષે દેશની વિવિધ 23 પ્રાદેશિક ભાષાઓ માટે યુવા સર્જકોને પુરસ્કૃત કરવામાં આવે છે. જેમાં આ વખતે ગુજરાતી ભાષા માટે ડૉ અશોક ચાવડા 'બેદિલ'ના કાવ્યસંગ્રહ 'ડાળખીથી સાવ છેટાં'ની પસંદગી કરવામાં આવી છે. આ યુવા પુરસ્કારના ભાગરૂપે તેમને મોમેન્ટો તથા રોકડ રકમ ઈનામ અર્પણ કરીને સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત ડૉ ચાવડા 'પગરવ તળાવમાં' ગઝલ સંગ્રહ, 'પીંછાંઓ અગાશે' હાસ્ય અને વ્યંગ કવિતા સંગ્રહ, 'શબ્દોદય' નિબંધસંગ્રહ, 'ગાલિબિસ્તાન' ઉર્દૂ કાવ્યોનો અનુવાદ જેવા વિવિધ સંગ્રહો આપી ચૂક્યા છે.



આ ઉપરાંત શિક્ષક તરીકે ફરજ બજાવતા ડૉ ચાવડા કવિલોક, કુમાર અને ઉદ્દેશ જેવા સામયિકો માટે સહસંપાદકની ફરજ પણ અદા કરી ચૂક્યા છે.